# દાંતા તાલુકાની ગંગવા પ્રાથમિક શાળામાંથી કોમ્પ્યુટર ચોરી જનાર ગેંગ ઝડપાઈ



પાલનપુર, તા. ૨૪

બનાસકાંઠા જિલ્લાના અમેદવાસી દાંતા તાલુકાની ગંગવા ગામની પ્રાથમિક શાળામાં થયેલ કોમ્પ્યુટરની ચોરી કરનારી ગેંગને આજે એસ.પી. અશોક યાદવના માર્દગદર્શન હેઠળ એલ.સી.બી. અને રાયેશિયલ ઓપરેશન ગ્રુપની ટીમે મુદ્દામાલ સાથે ઝડપી લીધેલ છે.

તે અંગે આજે પીએસઆઈ એચ.એમ. ગઢવી અને પી.આઈ. રબારીએ જણાવેલ કે જિલ્લામાં ઘરફોડ ચોરીઓ અટકાવવા અને થયેલ ચોરી શોધી કાઢવા એસ.પી. અશોક યાદવની સૂચના અને જરૂરી માર્ગદર્શન હેઠળ એસ.ઓ.જી. અને એલ.સી.બી. ની ટીમે તાજેતરમાં પાલનપુરમાં થયેલ ચોરી કરનારને ઝડપી લીધેલ ત્યારબાદ દાંતા તાલુકાના ગંગવા ગામની પ્રાથમિક શાળા આદિવાસી બાળકોના અભ્યાસ માટેના કોમ્પ્યુટરોની અજાણ્યા શખ્સોએ ચોરી કરી ગયેલ. તેની તપાસ દરમ્યાન ચોક્કસ બાતમીના આધારે એએચસી પ્રવિણસિંહ, એએચસી પ્રકાશગીરીને મળેલ તેને આધારે ગંગવા ગામનો ભરતગીરી ઉર્ફે ભોલો લક્ષ્મણગીરી ગોસ્વામી કોમ્પ્યુટરની ચોરી કરી તેના અન્ય સાગરીતો સાથે ચોરીનો સરસામાન તેના ઘેર રાખેલ તે તમામ મુદ્દામાલ સી.પી.યુ.-એલ.સી.ડી. કુલ રૂ. ૧,૦૬,૦૦૦ એક લાખ છ હજાર સાથે ભરતગીરી, રણજીત બાલાવાદી, દલપત રાણાજી ઠાકોર, નારગઢ પ્રાથમિક શાળામા કોમ્પ્યુટર ચોરીમાં ભરતગીરી, દનરાજ જેસીંગ ચૌધરી, વસંત અમરા પરમાર, બકુલસિંહ વખતસિંહ દરબાર અને ખેડબ્રહ્માથી ચોરાયેલ બાઈક પણ પકડી પાડેલ છે.

આ તમામને પોલીસે અટકાયત કરી વધુ તપાસ માટે દાંતા પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. એમ.એન. વ્યાસને સોંપી વધુ તપાસ હાથ ધરેલ છે.

## પાલનપુરમાં મુંબઈગરો લૂંટાયો મોબાઈલ રોકડ લૂંટીને ફરાર

પાલનપુર, તા. ૨૪

પાલનપુર શહેરમાં આજે મુંબઈથી પહેલી જ વાર આવતો એક યુવાને રિક્ષા સ્ટેન્ડ પર રેલવે સ્ટેશને લાલ બંગલે જવાનું કહેતા અન્ય એક રાહદારીએ રિક્ષાભાડુ વધુ કહે છે મારે ત્યાં જ જવું છે. ચાલ મારી સાથે તેમ કહી આ યુવકને સ્ટેશન અંદરથી માનસરોવર રેલવેફાટક નજીક લઈ જતાં મુંબઈગરા સાથે અન્ય એક શખ્સ રસ્તામાં સાથે થઈને આગળ એકાંતમા યુવકને લૂંટી લીધો હતો.

ત્યારે આ યુવક ગભરાઈ જતાં તેને અજાણ્યા શખ્સોએ પકડી રોકડ અને મોબાઈલ લઈ નાસી ગયાની ઘટના જણાવતા તેના સગા-સંબંધી પાલનપુર દોડી આવી પૂર્વ શહેર પોલીસ સ્ટેશને પહોંચ્યા હતા.

ત્યાં ડી સ્ટાફમાં સમગ્ર ઘટના વર્ણવી મુંબઈ રહેતા મુલ પાટણ જિલ્લાના કોસર ગામના યુવક પટેલ સેંધાભાઈ વેલાબાઈને અગ્રસેન સોસાયટી પાસે લઈ જઈ અજાણ્યા શખ્સોએ રૂ. ૩૮૦૦ રોકડા અને બે મોબાઈલ લૂંટી લીધાની ફરિયાદ આપતા પો.ઈન્સ. રબારી અને સ્ટાફે તપાસ હાથ ધરી છે.





## પાલનપુરમાં મહિલાની સોનાની ચેન લૂંટનારો ઝડપાયો

પાલનપુરમાં આજે શાકમાર્કેટ રોડ પરથી પસાર થતી એક મહિલાના ગળામાંથી સોનાની ચેન ખેંચી એક સખ્સ ભાગવા જતા મહિલાએ જોરથી બૂમો પાડતા રાહદારીઓએ આ ભાગી રહેલા સખ્સને પકડી પોલીસને હવાલે કરી દીધો હતો. પાલનપુર નજીકના ચંડીસર ગામે રહેતા જ્યોત્સનાબેન બારીયા કોઈ કામ અર્થે પાલનપુરમાં આવેલ દરમ્યાન સીમલાગેટ પાસે તેમનો સોનાનો દોરો ખેંચાયો હતો. તેમણે હિંમત રાખી બૂમો પાડતા શહેરીજનોએ તે ચેન સ્નેચરને ઝડપી લીધેલ. પોલીસે ચેન ખેંચનાર ભરત મનુપુરી ગોસ્વામી પાસેથી ચેન કબ્જે કરી વધુ તપાસ હાથ ધરી છે.

# સૌથી વધુ ઠંડી અમદાવાદમાં નોંધાઈ : તાપમાન ૧૨ ડિગ્રી

### વલસાડમાં લઘુતમ તાપમાન ઘટી ૧૨.૧ અને ગાંધીનગર ૧૨.૨, અમરેલીમાં ૧૩.૬, દીવમાં ૧૩.૭ ડીગ્રી નોંધાયુ

| | |
|---|---|
| અમદાવાદ | ૧૨ |
| વડોદરા | ૧૫ |
| રાજકોટ | ૧૫.૮ |
| સુરત | ૧૬.૫ |
| ભૂજ | ૨૦ |
| નલિયા | ૧૬.૩ |
| ભાવનગર | ૧૬.૩ |
| દ્વારકા | ૨૧.૪ |
| ઓખા | ૨૪.૨ |
| પોરબંદર | ૧૪.૬ |
| દિવ | ૧૩.૭ |
| ડિસા | ૧૪.૪ |
| અમરેલી | ૧૩.૬ |
| કંડલાબંદર | ૧૯.૧ |
| વીવીનગર | ૧૫ |
| ગાંધીનગર | ૧૨.૨ |
| વલસાડ | ૧૨.૧ |

અમદાવાદ, તા. ૨૪

અમદાવાદ શહેર સહિત રાજ્યમાં ઠંડીના પ્રમાણમાં વધારો નોંધાયો હતો. રાજ્યના ૯ શહેરોમાં લઘુત્તમ તાપમાન ૧૪ ડિગ્રીથી ઓછું નોંધાયું હતું. રાજ્યમાં આજે સૌથી વધુ ઠંડી અમદાવાદમાં ૧૨ ડીગ્રી સેલ્સિયસ નોંધાઈ હતી. હવામાન વિભાગની આગાહી છે કે આવતીકાલે રાજ્યના તમામ જિલ્લા દીવ, દમણ અને દાદરા-નગર-હવેલીમાં ઠંડીનું પ્રમાણ ચાલુ રહેશે અને અમદાવાદમાં આકાશ સ્વચ્છ રહેશે તથા લઘુત્તમ તાપમાન ૧૩ ડિગ્રીની આસપાસ રહેવાની શક્યતા છે. અમદાવાદમાં શહેરમાં આજે મહત્તમ તાપમાન ૩૨.૩ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન ૧૨ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. હવામાં ભેજનું પ્રમાણ સવારે ૮.૩૦ વાગે ૫૯ ટકા અને સાંજે ૫.૩૦ વાગ્યે ૪૩ ટકા નોંધાયું હતું. રાજ્યમાં ઠંડીનું પ્રમાણ ચાલુ રહ્યું છે. દિવસે ગરમી અને રાત્રે ઠંડીને કારણે શહેરમાં બેવડી ઋતુને કારણે શરદી, તાવ અને ઉધરસના કેસોમાં નોંધપાત્ર વધારો થયો છે. રાજ્યમાં લઘુત્તમ તાપમાન વડોદરામાં ૧૫, રાજકોટમાં ૧૫.૮, સુરતમાં ૧૬.૫, ભુજમાં ૨૦, ભાવનગરમાં ૧૬.૩, નલીયામાં ૧૬.૩, ડીસામાં ૧૪.૪, અમરેલીમાં ૧૩.૬, ગાંધીનગરમાં ૧૨.૨, મહુવામાં ૧૩.૯, દીવમાં ૧૩.૭, વલસાડમાં ૧૨.૧ ડીગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.

# અમદાવાદમાં મહોરમ પ્રસંગે આજે તાજીયા જુલુસ નિકળશે

### જુલુસમાં ૯૩ તાજીયાઓ, ૩૨ અખાડા, ૭૮ ઢોલ ત્રાંસા, ૧૪ નિશાન અને ૧૬ ઊંટગાડીઓનો જંગી કાફલો રહેશે

અમદાવાદ, તા. ૨૪

અમદાવાદ શહેરમાં આવતીકાલે મહોરમ નિમિત્તે નીકળનાર તાજીયાના જુલુસમાં ૯૩ તાજીયા, ૩૨ અખાડા, ૭૮ ઢોલ ત્રાંસા અને છૈયમ પાર્ટીઓ, ૧૦ માતમી દસ્તા, ૧૪ નિશાન, અલમ પાર્ટીઓ અન ૧૬ ઊંટગાડી તથા ૧૨ ટ્રક સામેલ થશે. ઈસ્લામ ધર્મના મહાન પયગમ્બર હઝરત મોહંમદ સાહેબ (સઅવ) ના નવાસા હઝરત ઈમામહુસેન તથા તેમના ૭૨ સાથીઓ માનવતાના મુલ્યોના જતન માટે વહોરેલી ભવ્ય શહાદતની યાદમાં માનવતા યવમેઆસુરા અમદાવાદની ચાંદ કમિટીના નિર્ણય અનુસાર તા. ૨૪-૧૧-૧૨ શનિવારે રાત્રે કતલની રાતે તથા ૨૫.૧૧.૧૨ રવિવાર યવમે આશુરા મનાવવામાં આવશે.

અમદાવાદ શહેરમાં તાજીયા જુલુસની પરવાનગી માટે અમદાવાદ શહેરના પોલીસ કમિશનર સાઈકીયા તથા અન્ય ઉચ્ચ અધિકારીઓ સાથે તાજીયા કમિટીના અગ્રણીઓ જે. વી. મોમીન, ફારુક શેખ, અલાબક્ષ શેખ તથા સલીમ છીપા, પરવેઝ મોમીન, અખાડી વતી ચુન્ના માસ્તર, રજબઅલી, કમીમ ઉસ્તાદ તથા આરીફ રાજપુત, ઢોલ, ત્રાંસા ટ્રક, ઉંટગાડીઓ માટે રફીક નગરીવાલા જી.પી. ચા વાલા, હબીબ મેવ વગેરે એ તાજીયાની પરવાનગી તેમજ તેની વ્યવસ્થા અંગે લંબાણપૂર્વક ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. અમદાવાદની શાન અને કોમી એખલાસ અને સદભાવનાથી શહાદતના આ પ્રસંગને ભવ્ય રીતે અદબથી ઉજવણીમાં ભાગ લેવા વિનંતી છે. અમદાવાદ શહેરના મેયર અસિત વોરા તથા જગન્નાથ મંદિરના મહંત તથા એક સમિતિના સભ્યો વિજળી ઘર આગળ તાજીયાઓનું સ્વાગત કરશે. ચુન્ના માસ્તર તથા રફીક નગરીવાલાએ મન્નતના તાજીયાઓ કાઢનાર ભાઈઓને નમ્ર અપીલ કરી છે કે સવારે ૧૦ થી ૨ વાગ્યા સુધી મન્નતના તાજીયા કાઢી સહકાર આપવા વિનંતી છે. મુખ્ય માર્ગ પર પરવાનેદાર તાજીયાઓના જુલુસમાં સામેલ નહીં થવા જણાવ્યું છે.

## રંગમંચોની રામાયણ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રંગમંચની જાળવણીના નામે અત્યાર સુધી માત્ર રંગરોગાન અને કયારેક નજીવી સાફ સફાઇ કરીને જ તંત્ર સંતોષ માની લીધો હોવાનો સૂર ઉઠવા પામ્યો છે. શહેરના જૂના સેકટરોમાં આવેલ ૮ રંગમંચો પૈકી મોટાભાગનાં રંગમંચમાં પાયાની સુવિધાઓ ખાડે ગઇ હોવાનું ચિત્ર ઉપસી આવ્યું છે. લાઇટ, પાણીની સુવિધાના અભાવ વચ્ચે ગંદકી ખદબદી રહી છે. બીજી તરફ સેકટરોમાં સ્થિત રંગમંચોમાં રાત્રીના સમયે અસામાજિક તત્વો અડ્ડો જમાવતાં અનેક દૂષણો પ્રાંગરી રહ્યાં હોવાનો આક્રોશ સેકટરવાસીઓમાં પ્રબળ બન્યો છે. નાગરિકોની સુવિધા માટે નિર્માણ કરાયેલા રંગમંચો નાગરિકો માટે જ દુવિધાનું કારણ બનતા હોવાની દયનીય સ્થિતિ સર્જાઇ છે. આવા સંજોગોમાં ચૂંટણી ટાણે ખોબલે મત લેવા નીકળતા નેતાઓ સેકટરના આંગણે સળગતી આમ નાગરિકોની સમસ્યાઓ નિવારવામાં કયારે રસ દાખવ્યો ન હોવાનો રોષ નાગરિકોમાં પ્રબળ બન્યો છે.

## મતદારો વધ્યા

● અનુસંધાન પહેલાનું ચાલુ

તેમણે જણાવ્યું હતું કે તમામ હક્કપાત્ર મતદારોને આવરી લેવામાં આવ્યા છે. સમગ્ર રાજયમાં વસ્તીના પ્રમાણમાં નોંધાયેલા મતદારોની ટકાવારીમાં જિલ્લો પ્રથમ સ્થાને છે. આ ટકાવારી ૬૮.૬૨ ટકા છે.

તેમણે જણાવ્યું હતું કે નોંધાયેલા મતદારોમાં ૬૯.૭૮ ટકા મહિલા મતદારો છે. જયારે ૬૭.૫૭ ટકા પુરૂષ મતદારો છે. આ મતદાર યાદીમાં જે ૧૦૦૦ પુરૂષે સ્ત્રી જન્મદર નોંધાયો છે તે ૯૩૩ થવા જાય છે.

તેમણે જણાવ્યુંહતું કે જિલ્લામાં ૮૩૯૧ મતદારો ફોટો ઓળખકાર્ડ ધરાવતા નથી. જિલ્લામાં ચૂંટણી માટેની સંપૂર્ણ તૈયારીઓ તંત્ર એ સંપન્ન કરી લીધી હોવાનું જણાવતા તેમણે કહ્યું હતું કે ઈ.વી.એમ. તેમજ ચૂંટણી ફરજ પરના કર્મચારીઓનું ફર્સ્ટ લેવલ રેન્ડમાઈઝેશન થઈ ગયું છે. તેમને તાલિમ તો પ્રથમ તબક્કાની આપી દેવામાં આવી છે બીજા તબક્કાની તાલિમ ડિસેમ્બરની ૯ અને ૧૦ની આસપાસ આપવામાંઆવશે. જિલ્લામાં ૧૧૫૦ મતદાન મથકો ૬૧૮ બિલ્ડીંગો આવેલા છે. આ ચૂંટણી માટે ૧૪૬૨ વિજાણુ મતદાન યંત્રો ઉપયોગમાં લેવામાં આવશે.

જિલ્લા કલેકટરશ્રીએ જણાવ્યું હતું કે પબ્લીક ગ્રીવન્સીસ સીસ્ટમ અન્વયે ઓનલાઈન ફરિયાદો ૮૯ મળી છે જે તમામનો નિકાલ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત ચૂંટણી ખર્ચ બાબતે કોઈ પણ મતદારને કે અરજદારને રજુઆત કરવી હોય તો કલેકટર કચેરી ખાતે ટોલ ફ્રી નંબર પણ ચાલુ કરી દેવામાં આવેલ છે.

તેમણે જણાવ્યું હતું કે મતગણતરી માટે ગાંધીનગરની સરકારી આર્ટસ, કોમર્સ અને સાયન્સ કોલેજની પસંદગી કરાઈ છે તે અંગેની દરખાસ્ત પણ પંચને મોકલી આપવામાં આવી છે. પાંચેય વિધાનસભાની મતગણતરી આ સ્થળ પર કરવામાંઆવશે.

## શબ્દાવલી - ૪૯૦૫

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ■ | ૫ | | |
| ■ | ૬ | | | ■ | | ■ | ■ |
| ૭ | | | ■ | ૮ | | ૯ | |
| | ■ | ૧૦ | | | | | ■ |
| | ■ | ■ | ■ | ૧૧ | | | |
| ૧૨ | ૧૩ | | ૧૪ | ■ | ■ | ■ | ૧૫ |
| ૧૬ | | ■ | ૧૭ | | ૧૮ | ■ | |
| ■ | ૧૯ | | | ■ | ૨૦ | | |

### આડી ચાવી

૧. રજૂ કરવું, જાહેર કરવું (૪)
૫. આયા નયા... ચાર બુંદો વાલા ગળીની એક બ્રાન્ડ (૩)
૬. પોટલું (૩)
૭. મહાનતા, પ્રતિભા (૩)
૮. છૂટાછેડા, તલાક (૪)
૧૦. નજરબંધીમાં રાખવું (૫)
૧૧. ભવન, મહેલ (૩)
૧૨. લોહચુંબકને લગતું (૪)
૧૬. એક શાક (૨)
૧૭. ખૂન કરનાર વ્યક્તિ (૩)
૧૯. ચક્ષુ, આંખ (૩)
૨૦. અંદરનું વિરોધી (૩)

### ઊભી ચાવી

૧. જુગાર રમ્યા કરતો હોય તેવો (૩)
૩. આકાશ, નભ (૪)
૪. મારની ઝડી, ... પડી (૨)
૫. આજીવન કેદ (૫)
૭. આકાશને આંબતી (૫)
૮. ભોપાળું, ફિયાસ્કો (૩)
૯. 'નગદ' શબ્દ આડોઅવળો (૩)
૧૩. શર્ટમા ગાજ... કરવા પડે (૩)
૧૪. નક્કી, ચોક્કસ (૩)
૧૫. લોખંડનું ઘડતર કામ કરનાર (૩)
૧૮. ભગવાન, અલ્લાહ (૨)

### શબ્દાવલી ૪૯૦૪ના જવાબ

**આડી ચાવી :-** (૧)વદન (૩) કરામત (૭) રફ (૯) ધિક્કાર (૧૦) સાન (૧૧) પુચકાર (૧૩) રાજીપો (૧૫) તાવ (૧૬) ચળકાટ (૧૮) લપ (૨૦) ગામેગામ (૨૧) સભાન (૨૨) રૂલ (૨૩) ખારી

**ઊભી ચાવી :-** (૧) વરસાદ (૨) દફન (૪) રાધિકા (૫) મક્કાર (૬) તર (૮) બાપુજી (૧૨) ચપોચપ (૧૩) રાવ (૧૪) વાટ (૧૫) તાલમેલ (૧૭) કારભારી (૧૮) તગારૂ (૧૯) લમમ (૨૧) સખા

## ચાર કંપની બોલાવાઈ

● અનુસંધાન પહેલાનું ચાલુ

તેમણે જણાવ્યું હતું કે વલનરેબલ મેપીંગની કામગીરી સંપન્ન થઈ ગઈ છે પણ ઉમેદવારોનું ચિત્ર સ્પષ્ટ થયા બાદ પુનઃ તેની સમીક્ષા કરવામાં આવશે અને તે મુજબ જરૂરી સલામતી દળોની ગોઠવણ કરવામાં આવશે.

શ્રી સિંઘલે જણાવ્યું હતું કે રાત્રિ પેટ્રોલીંગ સઘન બનાવવામાં આવ્યું છે. જિલ્લાનાં વિવિધ વિસ્તારોમાં રાત્રિના ૧૧ થી ૫ ના સમયગાળા દરમ્યાન નાકાબંધી કરી અને તપાસ પણ કરવામાં આવે છે.

જિલ્લા પોલીસ વડા શ્રી શરદ સિંગલે જણાવ્યું હતું કે, હવે ૧૦૦ નંબર મોબાઈલથી ડાયલ કરી શકાશે. તેના ઉપરથી ચૂંટણી સંબંધિત માહિતી આપવામાં આવશે. જિલ્લાની કાયદા અને વ્યવસ્થાની વાત કરતા તેઓશ્રીએ વધુમાં કહ્યું હતું કે, અત્યાર સુધીમાં ૪ હજાર જેટલા અટકાયતી પગલા, ૧૬૧ માથાભારે માણસો વિરૂદ્ધ પગલા અને અસામાજિક તત્વો સામે કાયદેસર પગલા લેવામાં આવ્યા છે. તે ઉપરાંત આદર્શ આચારસંહિતા અમલમાં આવી ત્યારથી અત્યાર સુધી દેશી-વિદેશી મળી કુલ-૩૨ લાખની કિંમતનો દારૂ પકડવામાં આવ્યો છે. જિલ્લામાં પ્રવેશ પામતાં ૧૦ પ્રવેશ દ્વારો પાસે નાકાબંધી ઉભી કરવામાં આવી છે. તેમજ ૯૦ ટકા જેટલા હથિયારો જમા લેવામાં આવ્યા છે. જિલ્લામાં ચૂંટણીલક્ષી કાયદો-વ્યવસ્થાની દેખરેક રાકવા ચાર પેરા મિલિટરી ફોર્સની કંપની પરજરત છે.

આ બેઠકમાં એક્સપેન્ડિચર મોનીટરીંગ સેલના ચીફ નોડલ ઓફિસર શ્રી એમ.ડી. મોડિયા, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી આઈ.આર. મનસુરી સહિત મોટી સંખ્યામાં જિલ્લાના પત્રકારોશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## સક્રિય વિચારણા

● અનુસંધાન પહેલાનું ચાલુ

આ બેઠકમાં કર્મચારી મતદારોની સંખ્યા પણ ઘણી મોટી છે.

બીજી તરફ પક્ષના પ્રવક્તા શ્રી આઈ.કે. જાડેજા પણ ગાંધીનગરમાં સારા સંપર્કો ધરાવે છે એટલુ જ નહિ માર્ગ-મકાન મંત્રી અને શહેરી વિકાસ મંત્રી તરીકે રહી ચુકયા હોવાથી તેમણે પણ આ શહેરના વિકાસમાં ઘણુ વધુ પ્રદાન કર્યું હોવાથી તેમની પસંદગીની શક્યતાઓ પણ રહેલી છે. આ મતવિસ્તારમાં ક્ષત્રિય મતદારોની સંખ્યા પણ નોંધપાત્ર છે.

ગાંધીનગર (ઉ) સહિત ઉ. ગુજરાતની બેઠકો અંગેની પ્રાથમિક ચર્ચાઓ પ્રદેશ આગેવાનો દ્વારા હાથ ધરાઈ છે. જો કે ભાજપના આગેવાનો હજુ કોઈને પણ મન કળવા દેતા નથી. ગાંધીનગર બેઠક માટે સ્થાનિક ચાર આગેવાનોના નામ પણ ચર્ચામાં છે. જેમાં શ્રી મનુભાઈ પટેલ, શ્રી પ્રકાશ પટેલ, શ્રી અશોક પટેલ અને શ્રી નીતિન પટેલ (રૂપાલ)નો સમાવેશ થાય છે. પક્ષ દ્વારા ૨૭મી પછી ઉમેદવાર અંગે ઘોષણા થશે તેમ જાણવા મળી રહ્યું છે.

## બે સાપ નિકળ્યા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પૂર્વ મુખ્યમંત્રી અને ગુજરાત પરિવર્તન પાર્ટીના પ્રમુખ તેમજ વિસાવદર બેઠકના ઉમેદવાર કેશુભાઈ પટેલના ૧૯ નંબરના બંગલેથી શનિવારે સવારે વૃક્ષ ઉપર લટકતા બે સાપ જોવા મળ્યા હતા. તેને જોઈને કર્મચારીઓએ સાપ નિષ્ણાંતનો સંપર્ક કર્યો હતો. સાપ પકડવા આવેલા જીગ્નેશ જોષીએ અડધો કલાકની મથામણ પછી સાત ફૂટ લાંબી ધામણ પકડી હતી. આ ધામણ બિનઝેરી હોય છે તેવું જીગ્નેશનું કહેવું છે.

ગાંધીનગર વસાહત મહામંડળ દ્વારા વિશિષ્ટ સેવાઓ આપનારા વ્યક્તિઓનું બહુમાન કરવામાં આવ્યું હતું. ત્યારે રાજ્યપાલના હસ્તે જેમને એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો તે જીગ્નેશ જોષી જણાવે છે કે ગાંધીનગરમાં સાપ નિકળવાની ઘટના સામાન્ય થઈ ચૂકી છે. નદીની કોતરોમાંથી સાપ મંત્રીમંડળ વિસ્તારમાં આવે છે. કેશુભાઈના બંગલેથી છેલ્લા ત્રણ મહિનામાં મેં પાંચ વખત સાપ પકડ્યા છે.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

asian TILES WORLD Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ

સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ

Nirmala Tyres

Authorised DEALER : CEAT, APOLLO TYRES

CEAT TYRES APOLLO TYRES

રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે

ઉપલબ્ધ સેવાઓ :
- ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
- ટ્યૂબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
- હાઈ ક્વૉલિટી પંચર સર્વિસ
- મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.

એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.

૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૯૪૭૨૮

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ) ● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ, ● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ ● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર

કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન